# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-04-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ચૂંટણી પ્રક્રિયા માટે તંત્ર સજ્જ :

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાતની સાથે જ કચ્છ જીલ્લા વહીવટી તંત્ર પણ એક્શન મોડમાં આવી ગયું છે. ચૂંટણી પ્રક્રિયાને મુક્ત, ન્યાયી અને પારદર્શી રીતે સંપન્ન કરવા માટે કચ્છ કલેકટરના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આજથી જ જીલ્લામાં નોમીનેશનની પ્રક્રિયાનો પણ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતા કચ્છ કલેકટરે આ પ્રમાણે જણાવ્યું હતું.

(બાઈટ : કચ્છ કલેકટર)

-----------------------------------------------------------------------------------

## કલેકટર દ્વારા જાહેરનામાં :

કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓને અનુલક્ષીને જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા આદર્શ આચાર સંહિતાના અમલ માટે મહત્વના જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે. આગામી ૨૬ એપ્રિલ ના રોજ યોજાનાર મતદાનને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવા માટે સમગ્ર જિલ્લામાં રાત્રિના ૧૦ થી સવારના ૮ વાગ્યા સુધી સભા, સરઘસ કે મંડળી યોજવા પર તેમજ લાઉડ સ્પીકરના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અન્ય સમયે પણ કોઈપણ પ્રચારાત્મક કાર્યક્રમ માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય રહેશે.

જાહેરનામા અનુસાર, સરકારી મિલકતો પર પ્રચાર સામગ્રી લગાવવા પર મનાઈ છે,જ્યારે ખાનગી મિલકત પર માલિકની લેખિત સંમતિ બાદ જ બેનર કે ધ્વજ લગાવી શકાશે, જેની જાણ ત્રણ દિવસમાં ચૂંટણી અધિકારીને કરવાની રહેશે.

ઉમેદવારી પત્ર ભરતી વખતે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં માત્ર ૩ વાહનો અને ઉમેદવાર સહિત કુલ ૫ વ્યક્તિઓને જ પ્રવેશ મળશે. વધુમાં, મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં રાજકીય બૂથ ઉભા કરવા પર પ્રતિબંધ રહેશે. આ આદેશોનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ તમામ નિયમો ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી અમલી રહેશે

--------------------------------------------------------------------------------

## DPA પોર્ટ સિદ્ધિ :

દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલાએ નાણાકીય વર્ષ 2025-26માં 160.11 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરીને અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે. 63મા નેશનલ મેરીટાઇમ ડે પર ચેરમેન સુશીલ કુમાર સિંઘે જાહેરાત કરી હતી કે કંડલા હવે દેશના તમામ મેજર પોર્ટ્સમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે.

ગયા વર્ષની તુલનાએ પોર્ટે 7%ની વૃદ્ધિ નોંધાવી છે. આગામી સમયમાં 170 મિલિયન ટનનો લક્ષ્યાંક અને પાંચ મહિનામાં 5 મેગાવોટનો ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ શરૂ કરવાની યોજના છે. નોંધનીય છે કે,કંડલાએ તાજેતરમાં જ ‘મિથેનોલ બંકરિંગ’નું સફળ પરીક્ષણ કરી પર્યાવરણ જાળવણીમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. આ સફળતા બદલ શ્રમિકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

--------------------------------------------------------------------------------

## વરસાદની આગાહી :

રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદનું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિકસર્ક્યુલેશન એમ બે સિસ્ટમ સક્રિય થવાને

કારણે 7 એપ્રિલના રોજ ગુજરાતના અનેક ભાગોમાં તોફાની પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની શક્યતા છે.આ સ્થિતિને પગલે હવામાન વિભાગે કેટલાક જિલ્લાઓમાં 'યલો એલર્ટ'જાહેર કર્યું છે.હવામાનવિભાગના ડાયરેક્ટર ડૉ. એ.કે. દાસના જણાવ્યા અનુસાર,કચ્છ, બનાસકાંઠા, પાટણ,રાજકોટ, જામનગર અને વડોદરા સહિતના ઉત્તરગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ખરાબ હવામાન અને દરિયામાં કરંટનીસ્થિતિને જોતા માછીમારોને આગામી બે દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. જોકે,આ વરસાદી માહોલ બાદ 12 એપ્રિલ સુધી રાજ્યમાંવાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે.

------------------------------------------------------------------------------------------